જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૯/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૮૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૭૦	૧	૧૧૬૭૧	૧૭૭૮૧	૧	૧૭૭૮૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૮	૦	૧૦૮	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૦૬૨૧	૧૪૮	૭૧૦૬૯	૭૧૬૧૨	૧૪૫	૭૨૦૫૭
કુલ		૮૭૪૩૨	૧૪૯	૮૭૫૮૧	૯૬૩૪૯	૧૪૬	૯૬૪૯૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૩	૪,૧૫,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૨૩	૮,૨૩,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન :

એમેઝોન કંપનીના ડિલીવરી બોયના ગ્રાહકોના જુદાજુદા પાર્સલો નંગ-૨૬ કુલ કિંમત રૂપિયા ૬૫,૦૫૬/- મત્તાના ડિલીવરી કરવા માટે ગયેલ પાર્સલોની ચોરી થયેલ તે ચોરીના મુદ્દામાલ સાથે એક આરોપીને પકડી પાડી ગુનો ડિટેક્ટ કરતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીઝન સાહેબનાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશન નાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૧૧/૦૯/૨૦૨૧ ના કલાક ૨૦/૧૫ વાગે ઇસનપુર નરસિહજી મંદિર ત્રણ રસ્તા પાસેથી અ.હે.કો.પ્રભાતસિહ દેવુભા તથા અ.પો.કો માનસંગભાઇ ગફલભાઇ નાઓની સયુક્ત બાતમી થી આરોપી કાશિફ સ/ઓ મહેમુદભાઇ સત્તારભાઇ સિપાઇ ઉ.વ.૨૪ (રહે,મ.નં બી/૧૦ અત્તાઇફપાર્ક સોસાયટી શક્તિ સોસાયટીની પાછળ દાણીલીમડા અમદાવાદ શહેર નાને ચોરીમા ગયેલ એમેઝોનના ડિલીવરી કરવા માટેના ગ્રાહકોના પાર્સલ નંગ-૨૬ કિંમત રૂપિયા ૬૫,૦૫૬/-તથા ગુનામા વાપરેલ બર્ગમેન નં જી.જે-૦૧ યુ.એક્સ-૦૦૩૭ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ની મળી કુલ રૂપિયા ૧,૦૫,૦૫૬/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૧૩૨૫૨/ ૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે.



પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પી.સી.બી. :

“ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમા નિશાન સની કાર તેમજ એસ્ટીમ ગાડીમાંથી વિદેશી દારૂની બોટલો નંગ-૧૬૮ (૧૪ પેટી) કિ.રૂ.૧,૦૨,૦૦૦/- સાથે કુલ રૂપિયા ૪,૫૮,૮૦૦/- ના મુદામાલ સાથે એક ઈસમને ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સારુ આપેલ સુચના અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડી.એચ.દેસાઈ સાહેબના સુપરવિઝન હેઠળ પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓને મળેલ બાતમી હકીકત આધારે તેઓએ તા.૧૫.૦૯.૨૦૨૧ ની રાત્રે સ્ટાફના અહેકો હેમાંગ મહેશભાઈ તથા અહેકો કુલદીપસિંહ નરેન્દ્રસિંહ વિગેરે માણસો સાથે ચાંદખેડા શુભલક્ષ્મી સોસાયટી પ્રહલાદનગર પાર્ક વિભાગ-૧ ના કોમન પ્લોટ ખાતે રેઈડ કરી ત્યાં પાર્ક કરેલ નીશાન સની કાર નંબર GJ-01-AR-7514 તેમજ એસ્ટીમ ગાડી નંબર GJ-01-HL-3471 માથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો નંગ ૧૬૮ કિંમત રૂ.૧,૦૨,૦૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૪,૫૮,૮૦૦/- ના મુદામાલ સાથે એક આરોપી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી ચાંદખેડા પો.સ્ટે.ખાતે પાર્ટ સી ૧૧૧૯૧૦૦૮૨૧૧૪૭૩.૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૮૧,૧૧૬(૧)(બી),૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપી :

(૧) જયપ્રકાશ શંતુભાઈ રામનાથ યાદવ ઉ.વ.૩૭ રહે.હાલ: એ/૧૦ શુભલક્ષ્મી સોસાયટી પ્રહલાદનગર પાર્ક વિભાગ-૧ , ઉમા ભવાની મંદિર પાછળ, ચાંદખેડા, અમદાવાદ મુળ રહેવાસી: લાલક પુરવા મહોલ્લા, દરીયાબાદ, તા.બારાબંકી, જીલ્લો- ફૈજાબાદ ઉત્તરપ્રદેશ.

નહી મળી આવેલ આરોપી:

(૨) ધર્મેન્દ્રસિંહ ઉર્ફે પપ્પુ મુલચંદજી પઢીયાર રહે. એ/૧૦ શુભલક્ષ્મી સોસાયટી પ્રહલાદનગર પાર્ક વિભાગ-૧ , ઉમા ભવાની મંદિર પાછળ, ચાંદખેડા, અમદાવાદ

ગુનાની જગ્યા :

ચાંદખેડા શુભલક્ષ્મી સોસાયટી પ્રહલાદનગર પાર્ક વિભાગ-૧ ના કોમન પ્લોટમા જાહેરમા

પકડાયેલ મુદામાલ :

(૧) જુદા જુદા બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો નંગ-૧૬૮ કિંમત રૂ ૧,૦૨,૦૦૦/-(૨) સની કાર નંબર GJ-01-AR-7514 કિ.રૂ.૩,૦૦,૦૦૦/ (૩) એસ્ટીમ ગાડી નંબર GJ-01-HL-3471 કિ.રૂ.૫૦,૦૦૦/ (૪) રોકડા રુપિયા ૨૮૦૦/-(૫) મોબાઈલ ફોન નંગ ૧ કિ.૨૦૦૦/-(૬) ડી.વી.આર. કિ.૨૦૦૦/ (૭) એકટીવાની ચાવી કિ.રૂ.૦૦ મળી કુલ્લે રુપિયા ૪,૫૮,૮૦૦/ ની મત્તાનો મુદામાલ



નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૮૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૨૦૮ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૯૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૬૯૧/૨૦૨૧**

નવરંગપુરાઃ વિશાલ દિનેશભાઈ મીર (ઉ.વ.૨૭) (રહે. શાલીન હાઈટ-૫ શાલીન હાઈટ-૩ સામે આયોજનનગરની બાજુમાં વિંઝોલ) એ તા.૧૫/૦૯/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૧/૨૦૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા ગણેશ પ્લાઝા ઈન્ડીયા હોમ લોન લીમીટેડ નામની હાઉસીંગ ફાયનાન્સ સંસ્થા ખાતે આરોપી (૧) રણછોડભાઈ ભેમાભાઈ સુથાર (૨) લક્ષ્મીબહેન રણછોડભાઈ સુથાર (બન્ને રહે. મેડકોલ કાંકરેજ બનાસકાંઠા) (૩) જય સુનીલકુમાર રાવલ (ઠે.બહુચર હોસ્પીટલ થરા હાઈવે થરા બનાસકાંઠા) (૪) અમરતભાઈ ચેલાભાઈ ભુમભળીયા અને (૫) શાંતાબહેન અમરતભાઈ ભુમભળીયા (બન્ને રહે. સનાથ બનાસકાંઠા) એ ભેગા મળી અમરતભાઈએ વિશાલ મીરની કંપનીમાંથી હોમ લોન રૂપિયા ૯,૫૦,૦૦૦/- મેળવી તે પૈકી લોનના રૂપિયા ૧૧,૯૯,૦૬૪/- નહી ભરી તેમજ રણછોડભાઈ ભેમાભાઈ સુથાર નાઓએ વિશાલ મીરની કંપનીમાંથી હોમ લોન રૂપિયા ૯,૫૦,૦૦૦/- મેળવી તે પૈકી રૂપિયા ૮,૮૪,૮૮૧/- નહી ભરી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

પાલડીઃ આશાબહેન વા/ઓ સંતોષભાઇ બારોટ (ઉ.વ.૩૦)(રહે.મહાકાળી સોસાયટી, શ્યામલ બ્રીજ પાસે, આનંદનગર) એ તા.૧૫/૦૯/૨૦૨૧ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે ઓગષ્ટ/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પાલડી ધરણીધર ચાર રસ્તા ખાતે આવેલ એએમસી ઓફીસ બહાર આરોપી જયપાલભાઇ ગણપતભાઇ જાદવ (રહે.સ્મીતા એપાર્ટમેન્ટ, રેડીયો મીર્ચી, સેટેલાઇટ) એ આશાબહેનને ગરીબ આવાસ યોજનામાં મકાન આપવાની લાલચ આપી આશાબહેન તેમજ આશાબહેના ભાભી પાસેથી કુલ રૂપિયા ૩,૫૦,૦૦૦/- મેળવી લઇ મકાન નહી આપી તેમજ મકાન પેટે લીધેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જે.કરપડા ચલાવે છે.

વાડજ: નવા વાડજ વિસ્તારમાં રહેતી ૩૨ વર્ષની પરણીતાએ તા.૧૫/૦૯/૨૦૨૧ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૦૩/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) પ્રકાશ મણીલાલ મેવાડા (૨) શીવમ મેવાડા (બંને રહે.ગામ: મોર્યા, બારોટવાસ રોડ, તા.વડગામ, જી.બનાસકાંઠા) એ ભેગા મળી પરણીતા સાથે મિત્રતા કેળવી પરણીતાને નોકરી આપવાની લાલચ આપી વિશ્વાસમાં લઈ તેમની પાસેથી કુલ રૂપિયા ૧,૧૨,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એચ.સોલંકી ચલાવે છે.

સાયબર ક્રાઇમ: કિશોરભાઇ પ્રેમજીભાઇ કેવડીયા (ઉ.વ.૩૮) (રહે. સન સિટી બંગ્લોઝ અભિલાષા સ્કાય સામે ગોપાલ ચોક પાસે નવા નરોડા) એ તા.૧૫/૦૯/૨૦૨૧ નારોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોંધાવી છે કે કિશોરભાઇ કેવડીયાએ તા.૩૦/૦૬/૨૦૧૬ ના રોજ એચડીએફસી લાઈફ સુપર ઈન્કમ પ્લાનની પોલીસી લીધી હતી. જે પોલીસીનુ સને ૨૦૧૯-૨૦૨૦ વર્ષનુ પ્રિમીયમ ભરવાનુ બાકી હોઈ તા.૨૩/૦૯/૨૦૨૦ ના રોજ મોબાઈલ નંબર ૮૮૬૦૦૨૪૧૧૮, ૯૮૯૧૦૨૮૫૮૮ અને ૮૪૪૭૧૬૭૭૪૦ ના ધારકોએ કિશોરભાઈ કેવડીયાને ફોન કરી "એચ.ડી.એફ.સી.લાઇફ ઈન્શોરેન્સ કંપનીના અધિકારી/ કર્મચારીની ઓળખ આપી પોતાના નામ (૧) રમેશ ત્રિપાઠી (૨) મનીષ શર્મા અને (૩) વિક્રમ ચૌહાણ જણાવી કિશોરભાઈ કેવડીયા પાસેથી પોલીસીનુ પ્રિમીયમ નહી ભરવાનુ કારણ જાણી લઈ કિશોરભાઈ કેવડીયા એ ભરેલ પોલીસીના નાણા પરત આપવાની વાત કરી પ્રોસેસ માટે જુદા-જુદા ચાર્જ જણાવી જે ચાર્જ પેટે જુદી-જુદી બેંકના તેઓના ખાતાઓમાં કુલ રૂપિયા ૧૪,૯૧,૬૨૫/- ભરાવડાવી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

<u>આત્મહત્યા:-</u> **<u>સમાચાર યાદી નં.૧૬૯૨/૨૦૨૧</u>**

નારોલ: નારોલ શાહવાડી ખાતે આવેલ કોમલ વલ્ડ વાઇલ્ડ કંપનીમા ચેકીંગ ખાતામાં છેલ્લા આઠેક મહીનાથી નોકરી કરતા ચિરાગભાઇ કનુભાઇ રાણા (ઉ.વ.૩૮) (રહે. કુભારવાડો પરા દરવાજાની અંદર તા-જી-ખેડા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૯/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે કંપનીની બહાર ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને નારોલ આઇ.સી.યુ મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૯/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.